ક્રમાંક:રાપબો/બિ.શૈ.ક.વર્ગ-૩/ખા.પ/૨૦૨૪/૯૮૭૧-૯૯૦૬

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૧૪/૧૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજય

વિષય :-બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલ ખાતાકીય પરીક્ષાના આવેદનપત્રો ભરવાનો તેમજ એપ્રૂવ/રીજેકટ કામગીરી અંગેનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ:(૧) જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મ-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૬૮૯-૮૭૨૫,તા.૧૭/૧૦/૨૦૨૪
(૨) જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૭૨૬-૮૭૬૨, તા.૧૭/૧૦/૨૦૨૪
(3) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:રાપબો/બિ.શૈ.ક.વર્ગ-૩/ખા.પ/૨૦૨૪/૯૧૦૬-૯૧૪૦,તા.૬/૧૧/૨૦૨૪
(૪) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક ED/0177//2024,DATE -11/11/2024

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ-૧ અને ૨ ના જાહેરનામાથી બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૭/૧૦/૨૦૨૪ થી તા.૨૮/૧૦/૨૦૨૪ દરમિયાન ઓનલાઇન ભરાયેલ છે.

સંદર્ભ-૪ના શિક્ષણ વિભાગના પત્રને ધ્યાને લઈ નીચે મુજબની વિગતે સદર પરીક્ષાઓ માટે આવેદનપત્રો ભરવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.હવે આ આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૮/૧૧/૨૦૨૪ થી તા.૨૨/૧૧/૨૦૨૪ સુધી ઓનલાઇન ભરી શકાશે. આ પરીક્ષાઓ અંગેની અન્ય વિગતોનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે. તમામ સંબંધિતોએ જેની નોંધ લેવી.

ઉમેદવારોએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચે દર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

| ક્રમ | આવેદન પત્રો મોકલનાર | કોને મોકલશે | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફરજ બજાવતાજુનિયર કલાર્ક વર્ગ-૩ અને સિનિયર કલાર્ક વર્ગ-૩ લોઅર લેવલ કે હાયર લેવલની ખાતાકીય પરીક્ષા માટે પાત્ર ઉમેદવારો | સંબધિત શાળાના આચાર્યશ્રી | તા.૨૩/૧૧/૨૦૨૪ |
| ૨ | સંબધિત શાળાના આચાર્યશ્રી | સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી | તા.૨૫/૧૧/૨૦૨૪ |
| 3 | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી | સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | તા.૨૬/૧૧/૨૦૨૪ |

❖ <u>એપ્રૃવ/રીઝેક્ટ કરવાની કામગીરી અંગે</u> :-

સંદર્ભ-૩ના પત્ર અન્વયે આપની કક્ષાએથી ઉમેદવારોના જરૂરી આધારોની ચકાસણી કરી આવેદનપત્રો ઓનલાઈન એપ્રૃવ/રીઝેક્ટ કરવાની કામગીરી તા.૧૮/૧૧/૨૦૨૪ સુધીની સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ હતુ. જેનો સમયગાળો લંબાવવામાં આવે છે. **તા.૨૬/૧૧/૨૦૨૪** સુધી આવેદનપત્રો ઓનલાઈન એપ્રૃવ/રીઝેક્ટ કરી શકાશે.

❖ સંદર્ભ-૩ અન્વયે સંદર્ભ-૪ની શિક્ષણ વિભાગની તા.૧૧/૧૧/૨૦૨૪ની સ્પષ્ટતા ધ્યાને લઈ આપના દ્વારા આવેદનપત્રો ઓનલાઈન એપ્રૃવ/રીઝેક્ટ કરવાના રહેશે. શિક્ષણ વિભાગની સ્પષ્ટતા થયા અગાઉ આપના દ્વારા આવેદનપત્રો ઓનલાઈન એપ્રૃવ/રીઝેક્ટ કરેલ હોય અને તેમાં શિક્ષણ વિભાગની તા.૧૧/૧૧/૨૦૨૪ની સ્પષ્ટતા મુજબ આપની કક્ષાએથી સુધારા કરવાના થતા હોય તો સુધારા કરી આવેદનપત્રો એપ્રૃવ/રીઝેક્ટ રીપોર્ટ સાથે તા.૨૭/૧૧/૨૦૨૪ સુધી રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી ખાતે જમા કરવવાના રહેશે

❖ વધુમાં જણાવવાનું કે,આપના દ્વારા કરાયેલ એપ્રૃવ/રીઝેક્ટ આવેદનપત્રો ધ્યાને લઈ પરીક્ષાલક્ષી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્રેની કચેરી દ્વારા ઉમેદવારની વિગતોમાં કોઈ સુધારા થઈ શકશે નહિ. જેની નોંધ લેશો.

❖ પરીક્ષાલક્ષી માહિતી માટે <u>www.sebexam.org</u> વેબસાઈટ સતત જોતા રહેવા વિનંતી. પરીક્ષાલક્ષી અન્ય બાબતો સંદર્ભના જાહેરનામાં પ્રમાણેની રહેશે.

બિડાણ – શિક્ષણ વિભાગનો પત્ર

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u>

(૧) નિયામકશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ,સેકટર-૧૯, ગાંધીનગર.

(૨) જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર(પરીક્ષાના આયોજન સબબ આપની કક્ષાએ કાર્યવાહી કરવા સારૂ)

**No. ED/MIS/e-file/3/2024/4953/G**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
બ્લોક નં. ૨, છઠ્ઠો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

<u>**અગત્યનું**</u>

सत्यमेव जयते

---

પ્રતિ,

સંયુકત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨),
કમિશ્નર શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર – ૩૮૨૦૧૯

**વિષય**: બિન શૈક્ષણિક જુનિયર કલાર્ક માટે લોઅર લેવર અને સિનિયર કલાર્ક માટે હાયર લેવલની ખાતાકીય પરિક્ષા બાબતે માર્ગદર્શન આપવા બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષયના આપના તા.૦૮/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૮/૨૦૨૪/૬૦૭૨-૭૩ અનુસંધાને નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે જે ધ્યાને લઈ સત્વરે આગળની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

*(૧) પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ / સિનિયર કલાર્કમા બઢતી (લેવલ-2 માંથી લેવલ-4 (ગ્રેડ પે 1900 માંથી ગ્રેડ પે. 2400) મેળવવા લોઅર લેવલ પરીક્ષા આપવાની રહેશે અને*

*(૨) દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ / હેડ કલાર્કમા બઢતી (લેવલ-4 માંથી લેવલ-6 (ગ્રેડ પે. 2400 માંથી ગ્રેડ પે. 4200) મેળવવા હાયર લેવલ પરીક્ષા આપવાની રહેશે.*

**આપનો વિશ્વાસુ,**
**(એમ.એસ.મુલતાની)**
**સેકશન અધિકારી. શિક્ષણ વિભાગ**

નકલ રવાના:

- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર તરફ ઉક્ત સ્પષ્ટતા ધ્યાને લેવા અને તે અન્વયે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની વિનંતી સહ.

Signature Not Verified
Signed by: Mohsin S Multani
Section Officer
Date: 2024.11.11 14:08:15 +05:30

File No: ED/MIS/e-file/3/2024/4953/G
Approved By: Deputy Secretary,G.ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign



Scanned with CamScanner